# શિશુબોધ:

BY

R. A. DESAI.

# શિશુબોધ.

કર્તા


रणछोडलाल अमृतराम देशाइ

मुं० वडोदरा.



અમદાવાદ

'અમદાવાદ ટાઇમ્સ' પ્રેસમાં શા. કાળીદાસ
સાંકળચંદે છાપ્યો.

સને ૧૮૫૧

# પ્રભુપ્રાર્થના.

## દોહરા.

ચરણ કમલમાં ચિત્તધરી, પ્રભુને કરૂં પ્રણામ;
જાચું હ્રદય કર જોડીને, આપો અભય વિરામ. ૧
ભૂ જળ ગિરિ વાતજ વળી, વનસ્પતિ વિખ્યાત;
પ્રથક જાતનાં પ્રાણીઓ, મેવા વિધવિધ ભાત. ૨
સૂર્ય શશિ તારા ગતિ, અગણિત ગ્રહ દેખાવ;
ચંચળ ચળકે ચોદિશે, આવે અતિ મનભાવ. ૩
શુભ સરિતા સાગર અને, વેહેળા કુંડ વિચાર;
કવિ કીર્ત્તિમય કેળવી, ઉપજાવ્યા આ ઠાર. ૪
ઉત્તમ જન પદ આપીને, કરવા ઉત્તમ કામ;
કીર્ત્તિપદ, અતિ આબરૂ, ગાવા હરિનું નામ. ૫
જડ જંગમ જંગલ વિષે, નૌતમ રચના જોય
ઓ પ્રભુ આ ઉત્તમ કળા, કળી શકે નવી કોય. ૬
ઓ અવિનાશી આપ આ, ધરા તણા ધરનાર;

પ્રેમથકી કરૂં પ્રાર્થના, આપ પમાડો પાર. ૭
જન જંતુને કારણે, સૃજ્યું સકળ જગ આપ;
આજ્ઞા ભૂલી હું વૃથા, ભરૂં પેટ કરી પાપ ૮
ઓ ઈશ્વર આ અવસરે, અરજ કરૂં આ ઠામ
સેવક ગણી સુધારશો, જય જશ સર્વ મુકામ. ૯
કર અહીંને કરતાર તું, ઉતારે ભવપાર;
આશા સેવક ઈચ્છતો, સત્ય માર્ગનો સાર. ૧૦
પ્રપંચ વળી પાખંડને, ચોરી ચાડી થાય;
જુઠ કપટ જલદી જશે, બને નહીં અન્યાય. ૧૧
દયા ધરૂં બહુ દીલમાં. ભક્તિ શ્રદ્ધા સાથ;
મતિ ગતિ આપો શ્રીપ્રભુ, જયજય દીનના નાથ.
પ્રીતિ પરઉપકાર પર, ઠરી રહે આ ઠામ;
રે'મ રહે રણછોડપર, પ્રભુની આઠે જામ. ૧૩

(કારણ) પ્રભુ પ્રાર્થનાની.

ભુજંગી છંદ.

મતિ ક્રૂર વાળાં કુરાગી જનોને,
દમો ઓ પ્રભુજી કહું છું તમોને;

મતિ શુધ્ધ જે સર્વને સુખદાતા,
વડા ન્યાયવાળા દિસો જકતત્રાતા. १
દિસે દુનિયામાં સદા દુઃખ ઝાઝાં,
વળી વાગતાં એક બાજુનાં વાજાં;
પ્રભુ એક છો વિશ્વ કેરા વિધાતા,
વડા ન્યાયવાળા દિસો જકતત્રાતા. २
દીધાં નેત્રને કર્ણ તો નાથ આજે,
દીધા ચર્ણને હસ્ત સૌ કામ કાજે;
તમે દુનિયામાં પ્રભુ એક દાતા,
વડા ન્યાયવાળા દિસો જકતત્રાતા. ३
ઘણા નિર્ધની છે ઘણા દ્રવ્યવાળા,
સુખીછે ઘણાને ઘણા દુઃખવાળા;
ભરે ભીખીને પેટ રોજે રિબાતા,
વડા ન્યાય વાળા દિસો જકત ત્રાતા. ४
નથી અન્ન ખાવા, પુરું તો નથાતું,
નથી ઢાંકવા વસ્ત્ર અંગે જણાતું;

ભલી ભોગવે કોઈ તો સુખ શાતા,
વડા ન્યાયવાળા દિસો જકતત્રાતા. ૫
નથી ઝુંપડુને ઉઘાડા રહેછે,
તૃષા, શીતને ઉષ્ણતા એ સહેછે;
રમે રંગ કોઈ બની લોક માતા,
વડા ન્યાયવાળા દિસો જકતત્રાતા. ૬
અરે ઓ પ્રભુ, હું ભુલું કેમ આજે,
કૃપા તા'રી જો હોય તો સર્વ છાજે;
પ્રભુ એક તું પ્રાણિનો પિતુ માતા,
વડા ન્યાયવાળા દિસો જકતત્રાતા. ૭

## માણસે વિદ્યાભ્યાસ કરી સદાચરણ આચરવું.

દોહરા.

આ કામે સંસારમાં જન્મ લીધોજી આપ;
કેવી રીતે ચાલવું, જેથી નાસે પાપ.

પ્રભુના કેવા કાયદા, શાસ્ત્રો જો વંચાય;
પુન્ય પાપ છે કેટલું, પૂરૂં તે પરખાય. ૨
ધાતુ જેહ જમીનમાં, કેળવતાં ઠીક થાય;
શુદ્ધ થતાં સૌને ગમે, લેવા મન મલકાય. ૩
મનને કેળવવા થકી, જે તે ઝટ સમજાય,
સખત વાત પણ સહજમાં પરિપૂર્ણ પરખાય. ૪
અહીં જેહ વિદ્યા ભણે, સમજે સકળ સુકામ
મનમાં નિશ્ચે ઓળખે, પ્રભુનું નિર્મળ નામ. ૫
અભણ સજે અતિશે અહીં, અલંકાર બહુવાર;
માન મળે પ્રથમે કદી, પણ પાછળ પોકાર. ૬
કાગળ લઇને કામની, ગઈ ફક્કડ જન પાસ;
પણ તે વાંચી શકયો નહિ, અંતે બની નિરાસ. ૭
મૂરખ મન આનંદ નહિ, પૂરણ ઉર પરતાય;
વિદ્યાવાળો વિશ્વમાં, સંતોષે સુખી થાય. ૮
અભણ ગુલામી આચરે, કરેજ હલકાં કામ;
ટપલા ઠપકા પામતાં, નિર્મળ બોળે નામ. ૯

જે જન વિદ્યાને તજે, તે દુ:ખ સહે અથાગ;
વિદ્યા વિણ આ વિશ્વમાં, નથી બચવાનો લાગ ૧૦
સરસ્વતીને મંદિરે, સેવાકાજ ન જાય;
પાછળથી મૂરખ ઠરિ, બહુધા ઠોકર ખાય ૧૧
થશે વડા વિદ્વાનને, સમાજમાં સનમાન;
પૂજન પ્રીતે પામશે, મેળવશે ધન ધાન્ય, ૧૨
મોટી સત્તા મેળવી, અદલ ઉડાવે ન્યાય;
વિદ્યાનો મહિમા વડો, વિશ્વ વિષે કહેવાય. ૧૨
થોડામાં સમજે ઘણું, માણસ તેનું નામ;
શિક્ષા ઝાંપે શેરડી, એજ મૂર્ખનું કામ.

## પ્રાત: કાળે વહેલું ઉઠવું.

ચોપાઈ.

વે'લા ઉઠે જેકો જન,
તેનું રહે ખુશીમાં મન;
દિવસ અતિ આનંદે જાય,
એમ પૂરાં મનધાર્યાં થાય.

રહે હમેશ નિરોગી દેહ,
પરોઢમાં ઊઠે જે જેહ;
બાળ મિત્ર સુણ શિક્ષા આજ,
પ્રભાતમાં ઊઠી કર કાજ. ૨
શુદ્ધ કરીને ધોવા હાથ,
કરવું દાતણ ગાહા સાથ,
મુખ મંજન કરવું પછી સાર;
સ્મરણ પ્રભુનું ચિત્ત વિચાર. ૩
પાઠ કરો જોડીને પ્રીત,
રહેશે તેહજ યાદ ખચીત;
પાછલનું વાંચીને સાર,
પછી આગળ વધવું નિરંતર. ૪
અધુરું લેસન એમજ થાય,
નંબર આગળ એમ જણાય;
આળસનું તો મોઢું બાળ,
વાત કહું તે સાંભળ બાળ. ૫

# આળસુ વિષે.

## ભુજંગી છંદ.

સદા સુસ્તને માત પિતા ઉઠાડે,
તદા તે રૂવે હસ્ત ચર્ણો પછાડે;
ઘણી ચીસ પાડી વળી ગાળ ભાંડે,
ગુરૂ પાસ પિતા ધરી જાય કાંડે. ૧
પૂરો પો'ર દીતો ચઢે આપ ઉઠે,
ઘણી બૂમ મારી પિતા શીર કૂટે;
કરે કાંઈ ચાળા અને આંખ ચોળે,
ખુણે ખોચરે પેનને સ્લેટ ખોળે. ૨
કશું કાંઈ ચાલે નહીં ત્યાં જુએછે,
નહીં આવડે તેથી આપે રૂવેછે;
તદા તેહને તાત લાવે નિશાળે,
પછી શું શિખે બાપનું કર્મ બાળે. ૩
ગુરૂનો વળી માર તેને પડેછે.

નઠારાં જનો સંગતીએ જડે છે;
બધો જન્મ બાળી બનેછે ભિખારી,
શિખે સુસ્ત તે કયાંથકી બુદ્ધિ સારી. ૪
અરે આળસુ સોબતી જે તમારા,
તજી તેમને રાખજો કોઈ સારા;
સદા શુદ્ધ વિદ્યા શિખો સ્નેહ રાખી,
અસૂરા ન ઉઠો ભલો પ્રેમ ભાખી. ૫
વદું છું હું વિસ્તારથી આજ હામે,
રચ્યા છે રૂડા છંદ તે આપ કામે;
પ્રભુ પૂજ્યથી સર્વદા શાંતિ થાશે,
ગુણી લોકમાં ગર્જનાઓ ગવાશે. ૬

## માતા પિતાની સેવા કરવી, વચન પાળવું.

ભુજંગી છંદ.

પિતામાતના પ્યારનો પાર નાવે,
ગુણી શેષ પાસે કદી જો ગણાવે;

પૂરાં કષ્ટ પામી પ્રિતેથી ઉછેર્યાં,
કીધાં વૈતરાં તે શું છે નમેરાં.
કૃપા દૃષ્ટિથી કષ્ટ કોટી વિદાર્યાં,
બીનેથી લઈને સૂકામાં સુવાર્યાં;
તજ્યા મિષ્ટ મેવા, કટુ સ્વાદ ચાખી,
હિતેચ્છુ ન બીજું પિતામાત પાખી.
ફુલાવી, ખુલાવી, વદી મિષ્ટ વાચા,
રમાડી, જમાડી, રૂડી રીત રાચ્યા;
ભણાવી ગણાવી, ભલી ભાળ લીધી,
કદી ક્રોધથી ના કુદૃષ્ટિજ કીધી.
ભલા પુત્ર તેનો સદા પાડ માને,
કુપાત્રો કદી આતરે ના પિછાને:
સુપાત્રો સદા આચરે સધ સેવા,
પિતા માત ભકિત ગણે મિષ્ટ મેવા.
સદા શિખ માતા પિતાનીજ સારી,
વિવાદી વડો મૂર્ખ મેલે વિસારી;

કહ્યું કષ્ટ તે બાળકો સઘ પામે,
વિગાસે પછી તે ઘડીના વિરામે. ૫
નમે તેથકી તેગના વેણુ પાળો,
જરામાં વળે તેટલો પાડ વાળો;
સદા આચરો સ્નેહથી સેવ સાચી,
રહે સ્વાગિ રંછેડનો નિત્ય રાચી. ૬

## રમતમાં જીવ નહી રાખો.

### ચોપાઈ.

રગતે જીવ તમારો જાય,
અતિ નુકશાનો એથી થાય;
જતાં નિશાળે મોડું થાય.
નંબર ઉપર કયમ લેવાય. ૧
રગત રમે તે છેલ્લો હોય,
ક્લાસમાં બેઠેલો જોય;
કડવી લાગે સારી શિખ,

પાછળથી માંગે તે ભિખ. ૨
વિદ્યા વાત ન વ્હાલી સાર,
રમત રમે ત્યાં તે હુશિયાર;
છૂટે શાળા રમવા માટ,
બાળક સાથે બોલે વાત. ૩
આગળ દોડી જાએ ઘેર,
જઈ રમતની માંડે પેર;
સોબતીઓ પણ તેવા ખરા,
મળી આપ આગળ સંચર્યા. ૪
કા'ડે રમત તણાં હથિયાર,
માંડે રમવા તેણી વાર;
બીજે દિન નિશાળે જાય,
પાઠ કર્યા વિણ મન પસ્તાય. ૫
રમતમહીં શૂરાતન હોય,
પાઠ વાંચતાં પાછળ જોય;
એવા શિષ્યથી ગુરૂ અકળાય,

જાણે કે તે શાથી જાય. ૬
રમત તજી વિદ્યા વશ કરો,
આથી સદ્‌ગુણમાં મન ધરો;
તો પામો જ્યાં ત્યાં બહુ માન,
વિદ્યાએજ વડો વિદ્વાન. ૭

## ભુજંગી છંદ.

રમત્યાળ થૈને તમે તો બગાડો,
અતિશે તમે જીવ એવો લગાડો;
તને વસ્ત્ર કેરૂં નહીં ભાન રાખો;
પછી ગાળ મૂર્ખાતણી આપ ચાખો. ૧
લઢો પાડું ઢીંકે, કટિ કોણી ભાંગો,
લુલા, લંગડા, અંધ થૈ ભિખ માંગો;
તમે ગાળ આપી, વળી ગાળ લેશો,
કદી એક બીજાથી સંપી ન રે'શો. ૨
વધુ રોષ માબાપને તો ભરાશે,

સહી કે વઢીને બહુ કલેશ થાશે;
કશો સાર તેમાં નથી કાંઇ ભાઇ,
કુસંપે વધારી કરીછે લઢાઈ, ૩
કહુંછું તમોને ધરો આપ કાને,
પિતામાત આજે રમાડેજ શાને;
તમારા પૂરા પાઠ સારા થએલા,
હશે તો રમોની ખુશીનીજ વેળા. ૪
કશા દુર્ગુણોને કુસંપો ન આવે,
થશે પ્યાર, ને મિત્રતા પૂર્ણ લાગે;
રજા જેટલી જે મળે ખેલવાની,
રમો તેટલુંને મૂકો વાત તેની. ૫
ઘણું ચિત્ત રાખો નહીં ભાઈ આમાં,
વધું ચિત્ત ભાળો સદા શારદામાં;
વહાલા તમે વારવારે વિચારો,
ખરી શિખ મારી તમે ઉરધારો.

# નિશાળમાં વેહેલા જવું

દોહરા.

નિત્યે વે'લા ઉઠીને, પાઠ પઢો જેવાર;
યાદ રહે ઉત્તમ તહા, ઉપજે અતિશય પ્યાર. ૧
નિયમિત શાળામાં જઈ, ગુરૂને લાગો પાય;
નંબર ઉપર રાખવા, વિચારજો મનમાંય. ૨
કઠણ કહેને શિખવું, શિક્ષકનું શુભ કે'ણ;
કારણ સાથે સમજવું વડા ગુરૂનું વેણ. ૩
સાથતણા જે સોબતી, સંપી ચાલો સાર;
કઠણ કહી સમજાવવું, કો નવ કહે ગમાર. ૪
પૂરા પ્રેમે પાઠને, શિક્ષકતણા સવાલ;
ઉત્તર એના આવડે, વધશે અતિ વહાલ. ૫
આ શિખામણ ઉરધરી, નિયમે જવું નિશાળ
શુભ શિક્ષા રણુડછોની બહુધા માનો બાળ. ૬

# હમેશાં નિશાળે જવું.

## ભુજંગી છંદ.

હમેશાં નિશાળે તમે વીર જાશો,
બધું આવડે માર કાંઈ ન ખાશો;
ખરૂં જાણશો બેસશો ઉંચ પાટે.
નિશાળે જવું આપણા હિત માટે. ૧
ઘડીએક આખી નકામી ગમાવો,
ખરો દિન તે વર્ષ જેવો જણાવો;
રહેશો ન એવી રીતે કો ઉચાટે,
નિશાળે જવું આપણા હિત માટે. ૨
નિશાળે ન જાતાં તમે ઘેર રે'શો,
પિતા માતને વ્યર્થ તો દુઃખ દેશો;
ગણાશો વળી મૂર્ખ સૌ વાટઘાટે,
નિશાળે જવું આપણા હિત માટે. ૩
અરે ભાઇ એમાં નથી સાર સારો,

વૃથા જન્મ તેનો કહું છું જનારો,
ઘણા છેતરાશો તમે જૂઠ ઠાઠે,
નિશાળે જવું આપણા હિત માટે. ૪
ભૂમે જે ભણેલો ફરજેતીજ થાયે,
વૃથા જન્મ તેનો અહીંઆં ગણાએ;
નહીં આવડે તો ગુરૂ હોય ધાટે,
નિશાળે જવું આપણા હિત માટે. ૫
નવા ભેદ શિખો નિશાળે જઈને,
તમે દુષ્ટતાથી શિશુ દૂર રૈ'ને;
સુધારો કરો સર્વદા સુખ સાટે,
નિશાળે જવું આપણા હિત માટે. ૬

## ગુરૂની શિખામણ પર ધ્યાન આપવું.

### લલિત છંદ.

પરમ પ્રેમથી સ્કૂલમાં જવું,
વિનય બુદ્ધિથી બાળ વર્તવું;

તિમિર ઉરનું તત્ત કાપશે,
સબળ શારદા આપ આવશે. ૧
નથી કશું નકી દ્રુષ્ટ વેણુ જ્યાં,
ઉરતણા બધા ભેદતોજ ત્યાં;
નકીજ ટાળશે શ્રીસુહાગણી,
ભિતરના સહુ ભેદ ભાગિની. ૨
કુહું કદી નહીં લક્ષ ત્યાં ધરો,
સરસ પાઠનો પક્ષ તો કરો;
ગુરુ મુખેથી જે શબ્દ ઉચરે,
સપુત શિષ્ય તે પુષ્પ સંઘરે ૩
પછી કહું પૂરા પ્રેમ યુકિતથી,
ધરત કામમાં સંપ રૂકિતથી;
સમય ચૂકતાં જન્મ હારશો,
વૃધપણે પછીથી વિચારશો. ૪

ભુજંગી છંદ.

નિશાળે જઈને તમો વીર મારા,
ગુરૂ પાય લાગી શિખો સૌ સુધારા.

ગુરુ જ્ઞાન રુડું હમેશાં રહેશે,
પિતામાત તેવી નહીં શિખ દેશે. ૧
સદા સર્વ વાતે સુધારેજ આપે,
વળી મૂર્ખતાની પૂરી છાપ કાપે.
કહ્યું તે કરો તો ઘણા ભેદ વામે,
પૂરા પ્રેમના માન્ય તો વ્યાજ પામે. ૨
સદા સુખ શાન્તિ મહીં સૌ બિરાજે,
ગુરૂના પ્રતાપે અખંડે સુરાચે;
ભલી કીર્ત્તિને આબરૂ સર્વ ઠામે,
પૂરા પ્રેમથી સદ્ય તો તેહ પામે. ૩

## ગુરૂની આજ્ઞા માનવી.

દોહરા.

આજ્ઞા નહીં ઉલંઘવી, ગુરૂની કોઈ વાર;
સબળધર્મ એ શિશુ તણો, ભણવાનો આ ઠાર.
બાળાપણમાં બાપજી, મુકે ભણવા માટ;

પ્રેમે ચિત્ત પરોવીને, ટાળો ગન ઉચ્ચાર. ૨
ગુરૂ મુખથી જે ઉચરે, કરવું તતં તે કામ;
યશ ઉત્તમ એમાં હશે, જશ જામે સહુ ઠામ. ૩
આજ્ઞા ગુરૂની પાળવી, ગુરૂ કે'તે સૌ સાર;
બેસો કે'તાં બેસવું, ઉઠો તો તૈયાર. ૪
આ સ્વારથ છે આપણો, આજ્ઞા નવ લોપાય;
કેમ કરીને ભેદ તે, ગુરૂ વિના ભંગાય. ૫
ગુરૂ તા'રા શત્રુ નથી, ઇશ્વર સમ આ વાર;
સાચે સાચા માનતાં ઉતરશો ભવપાર. ૬

છપયછંદ.

સપુત શિષ્ય તો તેહ, ગુરૂની આજ્ઞા માને,
માત, પિતા, પ્રભુ સાથ, પ્યાર તે ગુરૂ પ્રમાણે
કરે પાઠ ધરી પ્રીત, નિયમ તો તે નવ ચૂકે,
રાખે માઝા માન, વખત વેહેતો નવ મૂકે;
સદ્‌ગુણ તેના સઘળા ગ્રહી, શિષ્ય ભાવ રાખે સદા;
રણછોડ કહે રૂડી રીતે, કષ્ટ ન દેખે તે કદા. ૧

## નઠારો શિષ્ય.

દુષ્ટ શિષ્ય છે તેહ, ગુરૂની આજ્ઞા લોપે,
તજી માન મરજાદ, કઠણ સુગુણતાગાં કોપે;
થાકે ગુરૂ તે ઠાંમ, સાર નવ પકડે સારો,
અધિક આચરે ગુન્હા, અકર્મી કરે વધારો;
ધિક્ ધિક્ છે એ'વા નફટને, ગુરૂ અપમાન જરા! કરે.
રણછોડ કહે કુશિષ્યથી, શ્વાન ભલો જગમાં ખરે.

## ઉત્તમ અભ્યાસ આદરવો.

દોહરા.

ઉત્તમ જ્યાં અભ્યાસ ત્યાં, દરિદ્રતા દૂર થાય;
સંકટ સઘળાં સર્વદા, નિશ્ચય નાશી જાય. ૧
વાક્ય તણી રચના રચે, શુદ્ધ કરે ઉચ્ચાર;
પોપટ પણ અભ્યાસથી, શિખે સાર અસાર. ૨
કઠણ કામ અભ્યાસથી, સે'હું જરૂર જણાય;
શિક્ષકને સંતોષનો, સુગુતાં સઘ ગણાય. ૩

એ'વા બાળક વિરલા, કો જનમે કો ઠામ;
નિયમિત રીતે નિત્ય જે, કરે રૂડાં નિજ કામ.૪
પાસ પરિક્ષક, ઠોઠની, થર થર ધ્રૂજે કાય;
મે'નતમાં મશગૂલ જે, ઘટમાં નવ ગભરાય.૫
પૂછ્યા તરત જવાબ દે, કરે કદી નહિ રીશ;
સદા ફતેહ રણછોડ કે', એ મારી આશિશ.૬

## નંબર વિષે.

### છપ્પા.

ભણવા ઉપર પ્યાર, ઉપર નંબરથી આવે,
પે'લા ઉપર પ્રીત, સરવ જન સરખી લાવે;
ઠોઠ તણો નવ ઠામ, કામ ચંચળનું કા'વે,
અરે આળસુ ઉર, ઓરતા શિદને લાવે;
નર કાયર કપગ સંગ્રામમાં,
એક ક્ષણ ઉભો રહે;
શૂરવીર તણું અહીં કામ છે,
શું રણછોડ ઘણું કહે.

# નંબર ઉપર રાખવા વિષે.

## દોહરા.

નંબર જે નરનો ચઢે, શાને વાગે બાંણ;
સોળતી સૌ સરખા મળે, પહેલો કોણ પ્રમાણ ૧
જે જનનો પહેલો હશે, કહે તેહ હું જાંણ;
બીજો વદતો તે સ્થળે, જરા ચઢયો નિરવાણ. ૨
શું નથી આવડતું મને, આદકો શું તું આજ!
નંબર પે'લો તાહરો, સર્યું તાહરૂં કાજ! ૩
આ'વી નંબર કાળજી, રાખે સઘળા રોજ;
ભણી ગણી સંસારમાં, સુખે માંણે મોજ. ૪
સઘળાનો પે'લો નથી, અનુક્રમે આ ઠાંમ;
સઘળા સરખા હોય ત્યાં, કોનો ક્યાંય મુકામ. ૫
વિદ્યા ઉપર વહાલનું, આ દર્પણ છે આજ;
માટે મનમાં રાખવું, નંબરનું શુભ કાજ. ૬
પે'સીમાં પે'લો હશે, જ્યાં ત્યાં પે'લો જાંણ;
ભણવાગાં પે'સા પૂરો, અહીં ગણવો નિરવાંણ. ૭

રાખે નંબર નાગ નિજ, પહેલું જેણી વાર;
પરિક્ષકો તેના પરે, બતાવતા બહુ પ્યાર. ૮
નંબર પેહેલો પેહેલછે, બીજા પછળ જાણ;
દ્રષ્ટિ પડે પેહેલાપરે, યોગ્ય ગણે નિરવાંણ. ૯

## નિશાળના ધારા યાદ રાખવા.

### દોહરા.

પ્રાતિ ઉમંગે આવિને, શાળાનાં શુભ કામ;
લક્ષ ધરીને લક્ષવા, બેસો આપ મુકામ. ૧
હાસ ચાસ કરવું નહિ, વદો વાત નવ સાર;
મોભો મરજાદા રહે, ઉચરો એમ ઉચ્ચાર. ૨
વેહેલા જઈ નવ ભટકવું, બેસો સ્વસ્થ મુકામ;
આપ્યું લેસન વાંચવું, સરે અર્થ નિજ કામ ૩
લડવું નહીં કદી કહીં, ગાળ ઉચર નવ સાર;
લક્ષમનશાહ્યર્યો કહે, જે તે વખત વિચાર. ૪
મુખ મીઠે, મૃદુ હાસ્યથી, વિનય સાથ, શુભ વાત
ઉચારશો ઉચ્ચારતો, યશ મળશે ભલી ભાત. ૫

સદ્ગુણ સારા મેળવો, જેતે સર્વ સુઠામ;
યશ સંપત્તિ આગર, મેળવશોજ મુકામ. ૬

# દફતરની સાચવણી.

## દોહરા.

પુસ્તક પ્રેમે સાચવો, ડાઘ ન પડે લગાર;
પડે તુરત બગડી જશે, ગમે નહિ મન ધાર. ૧
જતન કરી જુક્તિથકી, જાળવતાં જુગ જાય
પૂઠાં શુદ્ધ ચઢાવવાં, જાળવણી કહેવાય. ૨
દીસે સુશોભિત સર્વથા, હોંશ અતિશે થાય;
વાંચે વળી વિવેકથી હેઞે શાન્તિ જણાય. ૩
નિર્મળ પુસ્તક નિરખતાં, ઉપજે ઉત્તમ વાંલ;
ભણી પાઠ તૈયાર તો, કરીએ ત્યાં તત્કાળ.
ફાટે પાઠ ખુટેજ જે, કરવી કોને વાત;
ખચીત ખુશામતથકી, ખોવી પડે નિજ ખ્યાત.૫

આપે કે નવ આપતાં, નંબર જાય જરૂર:
માસ્તર કે'શે મૂર્ખ ત્યાં, જુઓ વિચારી ઉર. ૬
બાંધણુ સાફ સુશોભતું, નહિ ડાઘા ત્યાં હોય;
કલમ પેનની કોથળી, જરૂર ઉત્તમ જોય. ૭
અક્ષરગીને આ ઘણું, પેન, કલમ નવ પાર;
ઠુંઠાં દશબારેક છે, વતેરણાં વિસ્તાર. ૮
વસ્ત્ર વડાં સુંદર ભલાં, સ્વચ્છ હોય, નહિ ડાઘ;
જીરણુ પણુ જોશો જહાં, ખુશ થશો ઉરભાગ. ૯
સુશીલ શાણો છોકરો, નિર્મળ ચિત્ત વિચાર;
લેસન પાઠ ઘણો કઠણુ તરત કરે તૈયાર. ૧૦

## કાળ નકામો નથી.

### લલિત છંદ.

વિપળ એક તે વ્યર્થ છે નહીં,
કિંમત તેહની છે ઘણી અહીં;

મધ તણી જુવો માંખ ઉદ્યમી,
રસ કરે જમા પુષ્પથી ભમી. ૧
સરસ તો સમો તીડ ત્યાગીને,
ભટકતાં ફરે ભિખ માગીને;
ત્યમ તમે સમો આ ન જાણશો,
પરમ દુઃખના ભોગ તો થશો. ૨
જરૂર જ્યાં તહાં દુઃખ પામશો,
અધિક આળસુ સુખ વામશે;
નહિ મળે નકી, સુખ તો કહીં,
કર ધર્યું થશે કામના સહી. ૩

## હરિગીત છંદ.

પળવિપળથી ઘટિકા બની,
ઘડિયો થકી દિન થાય છે;
દિવસો ઘણાનો, માસને,
બહુ માસ, વર્ષ ગણાય છે;

આ અલ્પ આયુષના ધણી,
બહુ ક્ષણિક સઘળો કાળ છે;
જાશે જનમ ખાશે ખસુસ,
ઝટ કાળ જે વિકાળ છે, ૧
ઉર આ વિચારી બહુજ ધારી,
વખત વ્યર્થ ન કાઢશો;
સૌ ઉદ્યમી સત્વર બની,
પ્રભુતણે મન પણ ભાવશો;
ગણી કાળની કિંમત તમે,
શાણા બની સુખ પામશો;
ઘડી જાય તે ગણના કરો,
બહુ વિકટ સંકટ વામશો. ૨

# પરિક્ષકથી ગભરાવું નહીં.

## સવૈયા એકત્રીસા.

પરિક્ષકોની પાસે પ્રેમે,
 અદબ સાચવી સારીપેર;

રિઝવો ઉત્તર ઘટતા આપી,
  માંગી શ્રીવિદ્યાની મે'ર;
ક્ષાલ સ્વાલનો સત્વર કરવા,
  સાવધ રે' ચેતીને આપ,
આળસ દુરનાં અળગાં કરીને,
  જુક્તિથી આપોજ જવાબ;
પટ ચોખ્ખાં, વળી મન પણ ચોખ્ખું,
  ચોખ્ખું દફતર રાખો વીર.
તાલ સુઘડતાનો સહી સઘળો,
  સ્વચ્છ રાખવું સઘ શરીર;
ગણિત ગણતાં સરત રાખવી,
  વડો કરીને દુર વિચાર;
ભય ધરીને કંઈ દોષ બને નહીં,
  તેમ તમે રે'જો તૈયાર. ૨
રાજી થઇને તમને તાજી,

ચોપડી દેશે કરીને પાસ;
શીખ શારદાકેરો રાખ્યે,
બદલો વળી આપે અવિનાશ;
નક્કા ભરેલી આ હિતશિક્ષા,
સંભાળીને રાખો બાળ;
હિમ્મત હૈયેથી નવ હારો,
સમરો શ્રીહરિ દીનદયાળ. ૩

## બીજાને ક્ષમા કરવી.

### દોહરા.

મૂરખ હોશે મિત્ર તે, ભુંડી આપે ગાળ;
સહન કરી કરવી ક્ષમા, દિલમાં બની દયાળ. ૧
કરી અડપલું કો કદી, નિશ્ચ્ય કરે નુકશાન;
તેના જેવા નવ થતાં, આપો સૌ સન્માન. ૨
સામાં થાતાં સોધણો, બિગાડ બહુધા થાય;
મારા મારી આચરે, મોટપ તો ન જણાય. ૩

કલેશ પશે કાયાવિષે, વેંણુ સુણે હેવાન;
મોક ભવાડા ભાળશે, મોટા તજશે માન ૪
શ્વાન ભરે બચકું કદી, સામું નહીં ભરાય;
સામું ભરતાં આપણો, તોલ શ્વાન સમ થાય. ૫
તેવાને તેવો ગણી, ફરીને જોવું મુખ;
ક્ષમા ખજાનો ખોલતાં, સઘળી વાતે સુખ. ૬
ભુંડાનું ચહીને ભલું ઉર ન ધરો અપકાર;
બદલે ઉપકારો કરો, ધન્ય તોજ અવતાર. ૭
ગુણ જાણે સઘળા પ્રભુ, ગુન્હા ન કરો અત્ર;
ક્ષમા આપિયે એક તો, શ્રીહરિ દે સર્વત્ર. ૮
ક્ષમા દાન છે સર્વદા, સજ્જનનો ગુણ એક;
સંગ્રહ કરજો સૌ શિશુ, ધારી વડો વિવેક. ૯

## જૂઠું નહીં બોલવા વિષે.

### દોહરા.

જૂઠો તે જૂઠો સદા, જૂઠો વડો ગમાર
ગપતિનો તે ચોર છે, સંશય નથી લગાર. ૧

પાઠ નથી પોતે કર્યા જરૂર વદીને જૂઠ;
શિક્ષકને જો છેતરો, પોકળ નિકળે પૂઠ. ૨
આપ બને અળખામણો, મો'ટા પામે માર
વળી વિદ્યા નવ આવડે, કે.ણે કરે પત યાર. ૩
અજાણતાં વસ્તુ લિધી. ભલી કહાતાં બાળ;
માલિક મળતાં આપિયે, અમ્ થું ન લઈયે આળ.
તરત તેહથી ઊગરે, પાછળ ફળ નહીં ઠીક;
મો'ટા તસ્કર નિવડે ચોરી કરે અધિક. ૪
કરતારજ ત્યાં કોપશે, ફિટકારે માબાપ
માર પડે મહિપતિ તણો, વળતી કરે વિલાપ ૬
જૂઠો જે સાચું વદે, જૂઠામાં તે જાય;
કોઇ ભરંસો નવ ધરે, વડું વગોણું થાય ૭
માટે મિત્રો માહરા, વદોજ સાચાં વેંણ;
હરિ સાચે રાજી રહે, સત્ય સકળ સુખદેણ. ૮
જૂઠ તજીદો જીભથી સઘ કરો સત્સંગ;
સાચે રાચે શ્રીપ્રભુ, વધશે અંગ ઉમંગ ૯

શિક્ષા આ રણછોડની, સજ્જન ને સુખકાર;
ગણના તેની નહિ ગણે, જે જન હશે ગમાર. ૧૦

## જીભમાં મિઠાસ છે.

### હરિગીત છંદ.

જીભમાં જરૂર મિઠાસ કેવી,
મોહિની મોટિ વસે;
વશિકરણવિદ્યા વિશ્વમાં
વખણાયલી પણ તે દીસે.
શુભ સ્નેહનો સિન્ધુ વધુ,
સુખ મધુર કેવી વાંખિ છે,
જયકારિ જનને જગતમાં;
જે પંડિતે પરમાંણીછે. ૧
અગણિત સુખને આબરૂ,
વાંણિ મધુરીથી મળે.

રાજા પ્રજા સૌએ રીઝે,
જન લક્ષ્મિ ઝાઝી તે રળે.
વળિ ગાન, પાન વિશેષ તેને,
સર્વ આપે સ્નેહથી;
અમૃત વર્શ્યું જેની જીભે,
તે સદ્ય શોભે દેહથી. ૨
જિવતો નથી તે જગતમાં,
જિભમાંહિ જેને ઝેર છે;
જ્યાં જાય ત્યાં અળખામણો,
કરનાર કાળો કેરછે;
કુવાક્ય કાઢી કલેશનાં,
આપે સદા દુખિયો બને;
આપે અવરને દુઃખ સૌ,
ધિક્કાર આપે તેહને;
જાતે જુઓ શુકસારિકા,
સોના તણે પિંજર રમે;

વદીને મધુરી વાચ ભોજન,
ભાવતાં તે તો જમે;
ત્યમ કાગ, કોઆ, ધુવડને,
વાંણિ નઠારીથી જુવો;
ગાળાવિષે પણ મારવા,
જન જાય તેતો અનુભવો. ૪
માટે તમે મધુરં વદો,
નકુવાક્ય કહિયે કાઢશો;
નિજ જાત, બાત પ્રકાશવા,
કુમતિ કદી ન સુજોડસો.
રસનાવિષે અમૃત રચ્યું,
તે પાન કરજો સૌ સુખે;
મળશે મહા સુખ સૃષ્ટિમાં,
જયકાર વધશે શ્રીમુખે.

# મિઠાસ રાખવી.

## ભુજંગી છંદ.

મધુરૂં વદંતાં બધાં કામ થાશે,
સગાં ને સબંધી સખા સૌ ચહશે;
ક્ષમાનો ખજાનો સદા શાંતકારી,
નથી શત્રુ કોઈ બધા હિતકારી; ૧
કદી કામ બીજા તને જો બતાવે,
પૂરા પ્રેમથી તાકિદે તું પતાવે;
નહીં તેથકી હાથ તા'રો ઘસાશે,
મળે માહિતી તો વળી લાભ થાશે. ૨
વળી નમ્રતાની ખરી ટેવ રાખો,
સુખી તો થવાનો ખરો સ્વાદ ચાખો;
પૂરો પ્રેમ પામો પ્રભુનો સદાયે,
નહીં કષ્ટ પામો સુમિત્રો કદાયે. ૩

# અભિમાન તજવું.

## ભુજંગી છંદ.

અભિમાન રાખો નહીં ભ્રાત ગા'રા,
પરિણામ એના નથી લેશ સારા;
વડાઈતણાં વેણ આપે ન ભાખો,
રૂડી રીતથી નમ્રતા રોજ રાખો. ૧
ખરા આપથી તો વયે જે વડા છે,
બધા તે મુરબ્બી ગણોની ભલા છે;
સદા માનજો તેમની શિખ સારી,
અભિમાનના બોલ તે છે લવારી. ૨
બધા માનવી તે ગણો ભ્રાત તુલ્યે,
ગણી તુચ્છકારે ભમો કો ન ભુલ્યે;
નહીં જગતમાંહી નિચો કોઈ પ્રાણી,
સુખે ભોગવો સંપ સૌ એમ જાણી. ૩
અહંકારને તો વડો દુષ્ટ જાણો;

અહંકારિને પૂર્ણ પાપી પ્રમાણો;
મહા દુષ્ટ તેને બધું વિશ્વ બોલે,
મહા મેરૂ જેવો બને તૃણ તોલે. ૪
જુવો રાવણે ગર્વથી રાજ્ય રોળ્યું,
પિતામાતકેરૂં વડું નામ બોળ્યું,
અહંકાર આ'વો મહા દુઃખદાઇ,
તજો તેહ જાણી તમે સર્વ ભાઇ. ૫

# વિવેક રાખવો.

## દોહરા.

આવે આપ તણે ગ્રહે, દેવું તેને માન;
ઉઠી આસન આપવું, ધરવાં ફોફળ પાન. ૧
ગંગાજળ ધરવું વળી, કરવો વખત વિચાર,
પવિત્ર આજે ઘર કર્યું, કારણ સાથ વિચાર. ૨
ભાગ્ય ઉદય મા'રો ભણું, ક્યાંથી દર્શન આપ,
સેવક ફિચરે અર્જ છે, પ્રલય થયાં મુજ પાપ. ૩

બાળ અને ગોપાળ સૌ, છે સુખમય મુકામ;
વચન વિવેકતણું વળી, ઉચ્ચરોની આ ઠામ. ૪
યથા શકિત ભોજન તણી, ભાવ સહીતજ વાત;
વદિયે વચન વિચારીને. દઈયે સૌ સુખશાત. ૫
લાજ વધેછે લોકમાં, નીર્મળ નિરખી નેક;
સુવાસ શુભ કિર્ત્તીતણી, પ્રસરે નિર્મળ છેક ૬
મા'જન આપે માન ને, રીઝે જગકરતાર;
રીત રૂડી સન્માનની, આ શિક્ષા હિતકાર. ૭

## (કુસંગ તજવો.)

કર પ્રભુ સંગાતે દ્રઢ પ્રીતડીરે એ રાગ.

કદી કુસંગ કો કરશો નહીંરે ટેક.
જોતાં જીવનું જોખમ થાય—કદી કુસંગ
કેફ કરતાં કેફી સંગેતો શિખેરે.
પછી છૂટતાં શીપેરે છૂટાય—કદી કુસંગ ૧
બને આળસુ તે સુસ્તતણા સંગમાંરે
તેથી ધંધામાં અંધ થઈ જાય—કદી કુસંગ ૨

ચોર સાથે ચોરીતણા રંગમાં રે,
મોટા ચતુર જનોથી સુકાય—કદી કુસંગ ૩
ચઢે રમતે રગતિયાળ સાથમાં રે
ભાવે તેથી ન વિદ્યા ભણાય—કદી કુસંગ ૪
નહિ રહે નમે’રા પછી હાથમાં રે
આઝી જૂદાગરી તો જણાય—કદી કુસંગ ૫
બાંધે રાસભના સંગમાં તોખારને રે.
ભૂંકે નહીં પણ આળોટે ભાંય—કદી કુસંગ ૬
ભેળો કોદરીના સંગમાંહી શાળને રે,
જાય સોંઘી, છે મોંઘી તોય—કદી કુસંગ ૭
માટે રાચીને રણછોડલાલનીરે,
સુણો શિક્ષા તમો હિત રાજ—કદી કુસંગ ૮
સ્નેહે આમો સુગંધ સૌ વા’લથી રે,
જેથી રીઝે પ્રભુ મહારાજ.—કદી કુસંગ ૯

## ભણીને શું કરવું.

ગીતિ.

મિત્રો પરમ પવિત્રો,

ઉતારીલ્યો આ ઉરે સુખદ શિક્ષા;
અધુરૂં ભણીને આપે,
નોકરી કેરી કરો ન અપેક્ષા. ૧
સઈ કેળવણી ઉંચી,
મન કેળવણી ભલી બધી ભણજો;
સારાસાર વિચારી,
બહાર, ભીતર, ગણિતને ગણજો. ૨
છઠ્ઠા ધોરણમાંહી,
પાસ થયેલા તણી જુવો વેળા;
અલ્પ રકમમાં આપે,
પરવશ હાથે પડેલછે પેંસા. ૩
મેટ્રિકયુલેશનમાંહી
પાસ થયેલા પણ નોકરી ધારે;
"બી. એ." થયેલા મુખથી,
નોકરી નોકરી વિશેષ ઉચ્ચારે,
ઘાંચી, મોચી, નાપિક,
વણિક, વિપ્ર, સર્વે નોકરી જાપે,

સર્વેને સરકારજ,
કહો નોકરી કહાંથકી આપે. ૫
સજ્જન એ નહિ સારૂં,
કારીગરિનાં સૌ વળગો કામે;
વિદેશ વિચરી વેગે,
અનેક યંત્રો ધરોજ આ ઠામે. ૬
નૌકાશાસ્ત્રતણી પણ,
મેળવવા માહિતી, સ્વમન ધારો;
આવક કરવા ઇચ્છો,
વિવિધપ્રકારે વધારી વ્યાપારો. ૭
સ્વદેશનુ શુભ ઇચ્છો,
દુઃખ દૂર કરવા તમે તરત મંડો;
સુખદ સુધારો સ્થાપી,
દુખદ રૂઢીઓ ખચીત કરી ખંડો. ૮
ઘરમાં ઘમાઈ રહેને,
રાંડયા સમ નવ ખૂણો હવે પાળો

દેશ વિદેશે વિચરો,
જરૂર હિમ્મત ધરી તમે ચાલો. ૫

તોટકવૃત્ત.

પરદેશ ફરી બહુ યત્ન કરી,
ભલીભાતથકી ઘર કારિગિરી;
બહુ વિધથકી પરભાત ભણો,
પ્રિય કારિગરો તમ ધર્મ ગણો ૧
વસુગાટ કદી ધિર કો ન ધરે,
કરી કંપની આશ્રય તોજ કરે;
અરજી અધિકારીની પાસ કરો,
નિજ દેશની લક્ષ્મિ સ્વદેશ ધરો. ૨
કરી આશ્રયને અભિયાસ* કરે,
બહુ જ્ઞાન અને ચતુરાઇ ધરો;
પછી યંત્રકળાજ વિલાયતથી,
કહું મેળવવીજ વધુ મતથી. ૩

---

*અભ્યાસ.

ધન છે બહુરે તમને જન કે',
તમ પાછળ સૌ તન ધન્ય કરે;
રણછોડ કહે સુખ આવી ચઢે,
વ્યવહાર વધે નવ કષ્ટ પડે. ૪

શિખરણિ વૃત.

વહાલા ખેડૂતો,
ગુરજર ગુણી આજ્ઞકિ રહો,
દીસે સારી ખેતી,
વિગળ ધન બા'રી કર ગ્રહો,
તમે ઉત્સાહી થૈ,
કૃષિગહિ ખરં તો મન ધરો;
ખરે મારા ભાઇ,
ગણિત ગણુજોઈ મન ભરો. ૧
ઉમંગેથી વિદ્યા,
ભણીકૃષિકરો સૌ હરખથી;
કૃષિકરે માટે,

ગદદ સરકારે કરી અતિ,
ભૂલો ના આ'વો આ,
વખત નહિ કાંઇ ફરિ મળે,
ઘણું ભાળો નાંણું,
હરખ વધશેને હરિ મળે. ૨

## કસરત વિષે.

વસંત તિલકા વૃત્ત.

આર્યો શુરાતન હવે સઘળું ગયું ક્યાં,
નિર્માલ્ય તેજ વિણ દુરદશા બનીઆ,
બાળાપણે પરણીને બળ તો ગુમાવ્યું,
કીધા વિના કસરતો વપુને ફુલાવ્યું. ૧
ભ્રાતો હવે કસરતે મનને લગાડો,
કાઢો સુકોમલપણું, તન ના બગાડો,
આવે કદાપિ અઘરો દુઃખનોજ દા'ડો,
તેવો સમો નિરખીને નહિ રા'ડ પાડો. ૨

માટે જરૂર તન કેળવણી કરીને,
હૈયાવિષેજ બળ હિમ્મત તે ધરીને,
ચાલ્યા થકી ચતુર, ચણું ધ્રૂજે તમારા,
ઝાઝા જુવાન પણ છો વૃષથી નઠારા. ૩
આવે યુરોપિ જન તે સઘળા તપાસો,
દેખાય જોદ્ધ જબરા નિરખી વિમાસો;
તેવા થવા કસરતો કરશો તમે જ્યાં,
થાશે સહાય શ્રી હરિ અરથો સરે ત્યાં. ૪
પ્રેમે કરો સુજન રક્ષણ વિર્યકેરૂં,
થાશે શરીર શુભ કંચનનોજ મેરૂં,
ધારો સુધર્મ ધરથી, સુકૃતો કરીને,
આ'વો સમો વીર હવે ન મળે ફરીને. ૫

## દોહરા

'થ પૂરણ પ્રેમે કર્યો, બાળકબુદ્ધિ વિશાળ;
અર્થ સરે આથી નકી, વદો રણછોડ રસાળ. ૧